# આજે રાષ્ટ્રપતિની ચૂંટણીનું પરિણામ



## પ્રણવ મુખર્જીની જંગી સરસાઈ સાથે જીત નિશ્ચિત

નવીદિલ્હી, તા.૨૧

યુપીએનાં ઉમેદવાર પ્રણવ મુખર્જી આવતીકાલે ભારતનાં ૧૪મા રાષ્ટ્રપતિ બનવા જઈ રહ્યા છે. આવતીકાલે રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાયા બાદ મતગણતરી હાથ ધરવામાં આવશે. પરિણામ પણ આવતીકાલે જ જાહેર કરવામાં આવશે. મુખર્જી અને એનડીએનાં ઉમેદવાર પી.એ. સંગમા વચ્ચે મુખ્ય સ્પર્ધા છે. જોકે પ્રણવ મુખર્જીની જીત રાષ્ટ્રપતિની ચૂંટણીમાં નિશ્ચિત દેખાઈ રહી છે. પ્રણવ મુખર્જીની જીત પહેલાંથી જ નક્કી થઈ ગઈ હતી કારણ કે મમતા બેનર્જીનાં નેતૃત્વમાં ટીએમસીએ પણ છેલ્લી ઘડીએ પ્રણવને ટેકો આપવાની જાહેરાત કરી હતી. સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને ડાબેરીઓ જેવા પક્ષો પણ પ્રણવ મુખર્જીને ટેકો આપવાની પહેલાંથી જ જાહેરાત કરી ચૂક્યા છે. ભારતનાં ભૂતપૂર્વ નાણામંત્રી હવે આવતીકાલે દેશનાં સર્વોચ્ચ હોદ્દા પર સત્તારૂઢ થાય તેવો તખ્તો ગોઠવાઈ ચૂક્યો છે. કોંગ્રેસનાં નેતૃત્વમાં યુપીએ દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે કે, પ્રણવ મુખર્જી પી.એ.સંગમા સાથે સીધી સ્પર્ધામાં ૭૦ ટકા મત સાથે જીત મેળવશે. લોકસભાનાં ભૂતપૂર્વ અધ્યક્ષ સંગમાને કેટલાંક વિરોધ પક્ષો ટેકો આપી ચૂક્યા છે. સાંસદોનાં મતની ગણતરી અને તમામ રાજ્યોમાંથી ધારાસભ્યોનાં મતની ગણતરી આવતીકાલે સવારે પાટનગરમાં શરૂ થશે અને બપોર સુધીમાં પરિણામ મળી જવાની શક્યતા છે. અધિકારીનાં જણાવ્યા મુજબ નિયમ મુજબ રાજ્યોમાંથી મતપેટી મત ગણતરી માટે લાવવામાં આવે છે. આ વખતે અપેક્ષા કરતાં મતદાન ઓછું રહ્યું છે.

કુલ ૭૨ ટકા મતદાન થયું હતું. કુલ પડેલા મત પૈકી આશરે ૮ લાખ મતમાંથી પ્રણવ મુખર્જીને ૫.૬ લાખ મત મળે તેવી શક્યતા છે. સમાજવાદી પાર્ટનાં વડા મુલાયમસિંહ યાદવનાં મતને ચૂંટણીપંચે ગેરલાયક જાહેર કર્યા બાદ પ્રણવને આંશિક નુકસાન થયું છે. આચારસંહિતાનો ભંગ કરી મુલાયમે મતપત્ર ફાડી નાંખતા તેમનાં મતને રદ કરવામાં આવ્યો છે. યાદવે શરૂઆતમાં સંગમાને મત આપ્યો હતો પણ ભૂલની જાણ થતાં મતપત્ર ફાડી નાંખીને નવા મતપત્ર સાથે પ્રણવ મુખર્જીને ટેકો આપ્યો હતો જ્યારે બીજીબાજુ ગુજરાતનાં મહુવામાંથી ભાજપનાં ધારાસભ્ય કનુ કલસરીયાએ પ્રણવ મુખર્જીને મત આપ્યા બાદ ખુલ્લી જાહેરાત કરી હતી કે, તેઓ નરેન્દ્ર મોદી સરકારની કામગીરીથી નારાજ છે. નવા રાષ્ટ્રપતિને ૨૫ જુલાઈનાં દિવસે ભારતનાં ચીફ જસ્ટીસ દ્વારા હોદ્દા અને ગુપ્તતાનાં શપથ લેવડાવવામાં આવશે.

## ઐતિહાસિક ઈન્ડિયા ગેટ ત્રાસવાદીઓનાં રડારમાં

નવીદિલ્હી, તા.૨૧

દિલ્હી પોલીસે કબૂલાત કરી છે કે, રાષ્ટ્રીય પાટનગરમાં સ્થિત ઈન્ડિયાગેટ આતંકવાદી રડારમાં ટોપ ઉપર છે. ઈન્ડિયાગેટને આતંકવાદીઓ ટાર્ગેટ બનાવી શકે છે. શહેર પોલીસવડા નીરજકુમારે શહેરી વિકાસ મંત્રાલયનાં સચિવને પત્ર લખીને કહ્યું છે કે, ઈન્ડિયાગેટને આતંકવાદીઓ ટાર્ગેટ બનાવી શકે છે. આ પત્રની એક નકલ અગ્રણી ટીવી ચેનલને હાથ લાગી ગઈ છે. આ ચેનલનાં કહેવા મુજબ નીરજકુમારે સાફ શબ્દોમાં કહ્યું છે કે, આતંકવાદીઓ ઈન્ડિયાગેટને ટાર્ગેટ બનાવી સુરક્ષા સંસ્થાઓની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી શકે છે.

હુમલાખોરો અને આસપાસ ફરતાં લોકોની ઓળખ કરવી ખૂબ જ મુશ્કેલ છે. ઈન્ડિયાગેટ આસપાસ પૂરતા પ્રમાણમાં વીજળી નથી તે બાબતનો પણ ઉલ્લેખ પત્રમાં કરાયો છે. ખાસ કરીને લોનમાં વીજળી ખૂબ ઓછી છે, અન્ય ઘણી જરૂરિયાતો પણ આમાં રજૂ કરવામાં આવી છે. આતંકવાદી અબુ જુંડાલની આકરી પૂછપરછ કરવામાં આવી રહી છે. પૂછપરછ દરમિયાન જુંડાલે એમપણ કહ્યું છે કે, તોયબાનાં આતંકવાદીઓ નવા હુમલાની યોજના બનાવી ચૂક્યા છે અને આની તૈયારીઓ ઘણાં પહેલાથી થઈ ચૂકી છે.

સ્થાનિક લોકોની મદદ પણ લેવામાં આવી રહી છે. જુંડાલ હાલ મહારાષ્ટ્ર ક્રાઈમ બ્રાંચની કસ્ટડીમાં છે, અગાઉ દિલ્હી પોલીસ દ્વારા તેની આકરી પૂછપરછ કરવામાં આવી હતી.

હવે અન્ય રાજ્યોની પોલીસ પણ તેની પૂછપરછનો ઈરાદો ધરાવે છે. જુંડાલ પાસેથી મળેલી માહિતી પોલીસ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

## ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી અંસારી અને જસવંતસિંહ વચ્ચેની સ્પર્ધાનો તખ્તો તૈયાર

નવીદિલ્હી, તા.૨૧

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે યુપીએનાં ઉમેદવાર હામિદ અંસારી અને એનડીએનાં સમકક્ષ જસવંતસિંહ વચ્ચે સીધા જંગનો તખ્તો તૈયાર થઈ ગયો છે. તેમનાં નોમિનેશન પેપરો આજે ચકાસણી દરમિયાન સ્વીકારી લેવામાં આવ્યા હતાં. અન્ય ૨૯નાં નોમિનેશન પેપરો જુદાં જુદાં આધાર પર રદ કરી દેવામાં આવ્યા હતાં. જરૂરિયાતોને પહોંચી વળવામાં નિષ્ફળ જતાં અન્ય ૨૯નાં પેપરો રદ કરવાનો નિર્ણય લેવાયો હતો. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે રિટર્નિંગ ઓફિસર અને લોકસભાના સેક્રેટરી જનરલ પી.કે.વિશ્વનાથને ચકાસણી કર્યા બાદ જણાવ્યું હતું કે, કુલ ૪૨ પેપરો ૧૪ દિવસની નોમિનેશ પ્રક્રિયા



દરમિયાન દાખલ કરવામાં આવ્યા હતાં જેમાં ૩૧ ઉમેદવારો દ્વારા દાખલ કરવામાં આવેલાં પેપરોનો સમાવેશ થાય છે. અંસારી દ્વારા પેપરોનાં ચાર સેટ અને સિંહ દ્વારા પેપરોનાં ત્રણ સેટ સ્વીકારી લેવામાં આવ્યા હતાં. વિશ્વનાથને કહ્યું હતું કે, ચકાસણીની પ્રક્રિયા આજે સવારે યોજાઈ હતી. ચાર નોમિનેશન પેપરો મૂળભૂત જરૂરિયાતોને પહોંચી વળવામાં નિષ્ફળતા મળતાં ફગાવી દેવામાં આવ્યા હતાં. ચોક્કસ દસ્તાવેજો આમાં જોડવામાં આવ્યા નહતાં. વિશ્વનાથને કહ્યું હતું કે, જે ઉમેદવારોનાં પેપરો ફગાવી દેવામાં આવ્યા છે તેમાં જરૂરી વિગતો ઘડવામાં આવી નહતી. આ લોકોએ અન્ય જરૂરી માહિતી આપી નહતી. તેમનાં માટે પંદર હજારની સિક્યોરિટી ડિપોઝીટ ખૂબ વધારે છે તેવી ફરિયાદ કરવામાં આવી હતી. ૧૮ જુલાઈનાં દિવસે અંસારીએ નોમિનેશન પેપરનાં ચાર સેટ દાખલ કર્યા હતાં જ્યારે સિંહે ત્રણ સેટ દાખલ કર્યા હતાં. પેપરોનાં ચાર સેટ દાખલ કરનારમાં દિલ્હીનાં નિવાસી સુનિતા ચૌધરી પણ છે પરંતુ તેમનાં પેપરોમાં ૨૦ યોગ્ય સાંસદોનાં નામ નથી. સાથે સાથે બીજા સાંસદનું નામ પણ નથી. ઉમેદવારો ૨૩ જુલાઈ સુધી ઉમેદવારી પત્રો પાછાં ખેંચી શકે છે. ઉપરાષ્ટ્રપતિની પસંદગી લોકસભા અને રાજ્યસભાના સભ્યોનાં સીધા મતથી કરવામાં આવશે. કુલ ૭૯૦ સાંસદો ૭ ઓગસ્ટે ૧૪મા ઉપરાષ્ટ્રપતિ ચૂંટી કાઢવા તેમનાં મતાધિકારનો ઉપયોગ કરી શકશે.



પવિત્ર રમઝાન માસના પ્રારંભે શ્રીનગરના મુસ્લિમો શિસ્તબધ્ધ રીતે નમાઝ અદા કરી રહેલા નજરે પડે છે. મુસ્લિમો આખો માસ રોઝા રાખી ઈબાદત કરશે.

## કસારામાં ટ્રેન અકસ્માત બાદ વધુ ૮ ટ્રેનો રદ્દ થઈ

નવીદિલ્હી, તા. ૨૧

રેલવે અકસ્માતનાં કારણે આજેપણ વધુ ૮ ટ્રેનો રદ કરવામાં આવી હતી. ગુરૂવાર રાત્રે કસારા ખાતે ટ્રેન અકસ્માત થતાં હજુસુધી રેલવે વ્યવહાર સંપૂર્ણપણે શરૂ થઈ ચૂક્યો નથી. ટ્રેક પૈકીનાં એક ટ્રેકમાં સમારકામ હજુ ચાલી રહ્યું છે જેનાં લીધે ૮ ટ્રેનો રદ કરવામાં આવી હતી જ્યારે અન્ય અનેક ટ્રેનોને ડાયવર્ટ કરવામાં આવી હતી, જે ટ્રેનો રદ કરાઈ છે તેમાં ૧૧૦૬૧ એલટીટી-મુઝફ્ફપુર એક્સપ્રેસ, સીએસટીએમ-નાગપુર-નંદીગ્રામ એક્સપ્રેસ, સીએસટીએમ-માનમેર-પંચવટી એક્સપ્રેસ, પૂણે-ભુસાવલ એક્સપ્રેસ, માનમેર-એલટીટી રાજ્યરાની એક્સપ્રેસ, માનમેર-એલટીટી ગોદાવરી એક્સપ્રેસ, એલટીટી-માનમેર-ગોદાવરી એક્સપ્રેસનો સમાવેશ થાય છે. અધિકારીઓનું કહેવું છે કે અનેક ટ્રેનોને ડાયવર્ટ કરવામાં આવી છે. મોટી સંખ્યામાં યાત્રીઓ જુદી જુદી જગ્યાઓએ અટવાઈ પડ્યા છે. કનસારા ખાતે વિદર્ભ એક્સપ્રેસ ખડી પડેલી લોકલ ટ્રેન સાથે ટકરાઈ જતાં ત્રણનાં મોત થયા હતાં અને અનેક લોકો ઘાયલ થયા હતાં. ઈજાગ્રસ્તોને હજુપણ જુદી જુદી હોસ્પિટલોમાં સારવાર આપવામાં આવી રહી છે. કેટલીક ટ્રેનોને થોડાક અંતર પર ટૂંકાઈ દેવામાં આવી છે જ્યારે અન્ય કેટલીક લાંબા અંતરની ટ્રેનોને ડાયવર્ટ કરવામાં આવી છે. કસારાથી કલ્યાણ જતી ઈએમયુ ટ્રેનના ૧૧ ડબ્બા પાટા પરથી ખડી પડ્યાં બાદ આ બનાવ બન્યો હતો. વિદર્ભ એક્સપ્રેસ મુંબઈથી ગોન્ડિયા તરફ જઈ રહી હતી એ જ વખતે ખડી પડેલા ડબ્બા સાથે ટકરાઈ ગઈ હતી. આ બનાવ મોડી રાત્રે બન્યો હતો. વિદર્ભ એક્સપ્રેસના ડ્રાઈવરે ટ્રેક ઉપર કોઈ અડચણો હોવાની નોંધ લીધી હતી અને ઈમરજન્સી બ્રેકનો ઉપયોગ પણ કર્યો હતો જેનાં લીધે અકસ્માત થયો હતો. ટ્રેન વ્યવહાર સંપૂર્ણ રીતે શરૂ કરવામાં હજુ આવતીકાલનો સમય લાગી જશે.

## પાંચ લાખથી વધારેની વાર્ષિક આવક પર રિટર્ન જરૂરી નથી


નવીદિલ્હી, તા.૨૧

વર્ષે પાંચ લાખ સુધીની કમાણી કરનાર પગારદાર કર્મચારીને આ વર્ષથી ઈન્કમટેક્સ રિટર્ન ભરવાની જરૂર રહેશે નહીં. નાણાં મંત્રાલય દ્વારા આ મુજબની માહિતી અપાઈ છે. જોકે આના માટે કેટલીક શરતો રાખવામાં આવી છે. આઈટી રિટર્ન દાખલ કરવાથી મુક્તિ કેટલીક શરતો સાથે સંબંધિત હશે. જો કર્મચારીની કુલ આવક પાંચ લાખથી વધારે હશે નહીં તો આ બાબત લાગુ પડશે,સાથે સાથે બચત બેંક ખાતામાંથી વાર્ષિક વ્યાજની કમાણી પણ આકરણી વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે ૧૦હજારથી ઓછી હોવી જોઈએ. જોકે આઈટી રિટર્ન ફાઈલ કરવાની બાબત રિફન્ડ ક્લેમ કરવા માટે જરૂરી રહેશે. ટેક્સ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ છેલ્લી છે. દરમિયાન ટેક્સ વિભાગે સુવિધા માટે ખાસ કાઉન્ટરો પણ દિલ્હીમાં ખોલવામાં આવ્યા છે જ્યારે મુંબઈનાં જુદાં જુદાં ભાગોમાં ઈન્કમટેક્સ રિટર્ન દાખલ કરવા માટે લોકોની મદદ કરવા ટેક્સ કિઓક્સ શરૂ કરવામાં આવ્યા છે. અગાઉનાં વર્ષની જેમ ટેક્સ વિભાગ આ વર્ષે દિલ્હીમાં પ્રગતિ મેદાન ખાતે કોઈ રિટર્ન ટેક્સ રિસીપ્ટ કાઉન્ટર બનાવશે નહીં, બદલામાં સિવીક સેન્ટર (રામલીલા મેદાન)ની સામે મળશે. મુંબઈ ઈન્કમટેક્સ વિભાગ ટેક્સ કિઓક્સ બનાવશે.



હાલમાં ૨થી પાંચ લાખ સુધીની આવક ઉપર ૧૦ ટકા ટેક્સ લાગુ પડે છે જ્યારે ૫થી ૧૦ લાખની આવક પર ૨૦ ટકા અને ૧૦ લાખથી ઉપરની આવક પર ૩૦ ટકા ટેક્સ અમલી બને છે.

અલબત્ત આના માટે શરત એ રાખવામાં આવી છે કે અન્ય કોઈપણ સોર્સ મારફતે કોઈ આવક હોવી જોઈએ નહીં. આ ઉપરાંત બચત બેંક થાપણ પર વર્ષમાં ૧૦,૦૦૦ રૂપિયાથી વધુની વ્યાજની રકમ મળતી હોવી જોઈએ નહીં. સીબીડીટી દ્વારા જારી કરવામાં આવેલા આ નિવેદનને લઈને કેટલાક પગારદાર દુવિધાભરી સ્થિતિમાં દેખાઈ રહ્યા છે. હાલમાં દેશમાં ૮૫ લાખ એવા લોકો છે જેમની બેંક થાપણ જેવા બીજા સોર્સ સહિતની કમાણી પાંચ લાખ રૂપિયાથી વધારે નથી. પાંચ લાખ વાર્ષિક પગારનો મતલબ કાપ બાદ કુલ આવક સાથે છે. સીબીડીટીના જણાવ્યા મુજબ રિટર્ન ફાઈલ કરવામાંથી આ રાહત એ જ વેળા મળશે જ્યારે કર્મચારીને કંપની તરફથી પાનકાર્ડ આપવામાં આવ્યું હોય, બચત બેંક ખાતાઓમાં મળી રહેલા વ્યાજ અંગેની માહિતી ફોર્મ ૧૬ બનતા પહેલાં જ આપવામાં આવી હોય. આ રાહત એવા લોકોને પણ મળશે જે લોકોના ટેક્સ એપ્લોયરે ટીડીએસ મારફતે જમા કરાવ્યો છે. આ રાહતનો લાભ એવા લોકોને મળશે નહીં જે લોકોને ટેક્સ ઓથોરિટીએ ઈન્કમટેક્સ રિટર્ન ભરવા માટે નોટિસ ફટકારી છે. નોટિફિકેશન પહેલાં ઈન્કમટેક્સ એક્ટ ૧૯૬૧ હેઠળ પગાર મેળવનાર તમામ લોકો માટે ઈન્કમટેક્સ રિટર્ન દાખલ કરવાની બાબત જરૂરી હતી. એવું જાણવા મળ્યું છે કે આવા મામલાઓમાં જેમાં આવકના બીજા સોર્સ પણ છે તેઓ ટેક્સ છુપાવવાના પ્રયાસ કરે છે.



દેશભરમાં વરસાદની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે ત્યારે આગ્રાના તાજમહેલની ઉપર ઘટાટોપ કાળા વાદળો ઘેરાઈ આવ્યા હતા. વાદળોના સાંનિધ્યમાં તાજનું સૌંદર્ય સોળે કળાએ ખીલ્યું હતું.

## માનેસર પ્લાન્ટ આજે ત્રીજા દિવસે પણ બંધ રહેતા ૨૧૦ કરોડનો ફટકો

માનેસર, તા.૨૧

મારૂતિ સુઝુકી ઈન્ડિયાનાં માનેસર પ્લાન્ટને આજે ત્રીજા દિવસે પણ બંધ રાખવામાં આવતાં નુકસાનનો આંકડો વધીને ૨૧૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે. બુધવારે વ્યાપક હિંસા ભડકી ઉઠ્યા બાદ માનેસર પ્લાન્ટ બંધ કરી દેવાયો છે. આ હિંસામાં કંપનીનાં એક વરિષ્ઠ અધિકારીનું મોત થયું હતું અને સેંકડોને ઈજા થઈ હતી. પોલીસે કહ્યું છે કે, હિંસા અને ઉશ્કેરનાર મોભાગનાં વર્કરોની ઓળખ કરી લેવામાં આવી છે. આ પ્લાન્ટ આજેપણ બંધ રાખવામાં આવ્યો છે. કંપનીનાં પ્રવક્તાએ આ મુજબની કબૂલાત કરતાં કહ્યું હતું કે, પ્રોડક્શનમાં ૨૧૦ કરોડનું નુકસાન થઈ ચૂક્યું છે. આ પ્લાન્ટમાં દરરોજ ૧૬૦૦ યુનિટ કાર બને છે. મૂલ્યની દષ્ટિએ દરરોજ આશરે ૭૦ કરોડનું નુકસાન થયું છે. બીજીબાજુ પોલીસે કહ્યું છે કે, હિંસાના મામલામાં ઉંડી તપાસનો દોર ચાલી રહ્યો છે. હિંસાને ઉશ્કેરનાર વર્કરોની ઓળખ કરી લેવામાં આવી છે. વધુ કોઈની ધરપકડ કરાઈ નથી પરંતુ મોટાભાગના વર્કરોને ઓળખી કાઢવામાં આવ્યા છે. ટૂંકમાં આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ડીસીપી ગુડગાંવ મહેશ્વર દયાલે આ મુજબની માહિતી આપતાં કહ્યું હતું કે, બનાવ પહેલાં મેનેજમેન્ટનાં અધિકારીઓ સાથે વાતચીત કરનાર યુનિયન વર્કરોનાં કારોબારી સભ્યો અને યુનિયન




નેતાઓને ઓળખી કાઢવામાં આવ્યા છે. હજુસુધી ૯૧ કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે અને તેમને સ્થાનિક મેજિસ્ટ્રેટ દ્વારા ૧૪ દિવસની જ્યુડિશીયલ કસ્ટડીમાં રિમાન્ડ પર મોકલી દેવાયા હતાં. ગઈકાલે કંપની મેનેજમેન્ટે કહ્યું હતું કે, હિંસા મામલે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. પ્લાન્ટનાં લોકઆઉટની વિચારણા કરવામાં આવી રહી છે. અન્ય ઘણાં વિકલ્પ પણ રહેલાં છે.

સુઝુકી મોટરે હિંસા મામલે સમાધાન ન કરવા સૂચના આપી છે. પોલીસ અને જિલ્લા વહીવટીતંત્ર સાથે તપાસમાં સહકાર કરવામાં અધિકારીઓ વ્યસ્ત છે. જોકે મારૂતિ સુઝુકી ઈન્ડિયાનાં ચીફ ઓપરેટિંગ ઓફિસરનું કહેવું છે કે, માનેસર પ્લાન્ટમાં શાંતિપૂર્ણ રીતે ઓપરેશનને આગળ વધારવા અમે કટિબદ્ધ છીએ. ઉપરાંત લોકઆઉટ સહિતનાં જુદાં જુદાં વિકલ્પ ઉપર ચકાસણી ચાલી રહી છે.

### મારી નજરે

(અનુસંધાન પાના નં. ૪ નું ચાલુ)

ખરી વાત એ છે કે ''જનાંદોલન માટેની જગ્યા'' ની નહીં, ''જનાંદોલનની અસરકારકતા'' નો ગંભીર વિચાર થવો જોઇએ! આ પત્રમાં તો અહોહો, કેટલા બધા નામાંકિતો છે! ગમે તે આંદોલનોમાં દેખાનારા ચહેરાઓ ઉપરાંત કવિઓ, પત્રકારો, નાટ્યકારો, રાજકીય પક્ષોની પાંખ જેવા સંગઠનો, અધ્યાપકો, કેટલાક 'ઑલ ઈન્ડિયા સંગઠન' ના એકમો, બધા જ છે! આમાંના ઘણા ખરા તો મિત્રો છે; મિત્રો - પત્રકારો પણ છે... મારે તો એટલું જ સૂચવવું છે કે દુનિયાના પટ પર જનવિરોધનો સાચુકલો ચહેરો અને બીજો તદ્દન નકલી ચહેરો... એ બેની સ્પર્ધા થઇ રહી છે. કારણ એ છે કે ખરેખર 'લોકશાહી પ્રેમ', 'માનવાધિકાર', 'સેક્યુલરિઝમ', 'જન-આંદોલન'... આ પરિભાષા હેઠળની અસરકારકતા કયાં હરપાર થઇ ગઇ છે? શાયદ, જમાનાની અસર હશે. નૉબેલ વિજેતા સાહિત્યકાર માર્કવેઝે તો અફસોસ જાહેર કરી દીધો છે કે અરેરે! હવે તો સરમુખત્યારો પણ બચાડા પિગ્મેલિયન (ઠીંગુજી) હોય છે... પ્રતિભાની ઊંચાઇ કયાં શોધવી? જો સરમુખત્યાર આવા હોય તો બીજાઓનું તો પૂછવું જ શું? ખેર એક જ આશ્વાસન છે કે તેઓ પોતાના આત્મસંતોષ (આત્મતૃષ્ટિ) માટે 'સંઘર્ષ' જેવો ભારેખમ શબ્દ પ્રયોજી રહ્યા છે... સરદારબાગની જગ્યા વધુ સગવડયુક્ત કે સુંદર બને કે રિવર ફ્રન્ટ બને તેનો વિરોધ કરનારાઓની ચર્ચા પણ કયારેક થઇ શકે છે. હમણાં એક વિદ્યાર્થીએ મને જણાવ્યું કે પત્રકારત્વના યુનિવર્સિટીના અભ્યાસ દરમિયાન એક અધ્યાપકે પત્રકારત્વ શિખવાડવાને બદલે એક આખ્ખું ભાષણ જ ''રિવર ફ્રન્ટથી વિસ્થાપન'' પર ઝાડી નાખ્યું હતું. અલબત્ત, વિસ્થાપન માટે થઇ રહેલી જોગવાઇ અને ખર્ચની વિગતોનાં અ-જ્ઞાન સાથે!! ખેર, ખુદા ખૈર કરે!! અમારા અધ્યાપક મંડળો બેઠકમાં સામસામી ફેંટબાજી અને ગાળાગાળી કરી શકતા હોય તો આવું ના કરે? બસ, તક મળવી જોઇએ!!

## કોર્ટે બાલકૃષ્ણની જામીન અરજીને આખરે ફગાવી

દેહરાદૂન, તા.૨૧

સીબીઆઈ કોર્ટે યોગગુરૂ બાબા રામદેવનાં નજીકનાં સાથી બાલકૃષ્ણની જામીન અરજી ફગાવી દીધી હતી. બિનજામીનપાત્ર વોરંટ તેમની સામે કોર્ટ દ્વારા જારી કરવામાં આવ્યા બાદ સીબીઆઈએ ગઈકાલે બાલકૃષ્ણની ધરપકડ કરી હતી.

બનાવટી દસ્તાવેજનાં કેસમાં બાલકૃષ્ણની ધરપકડ થઈ હતી. ૯ ઓગસ્ટથી ભ્રષ્ટાચાર અને કાળા નાણાં મામલે બાબા રામદેવ આંદોલન શરૂ કરનાર છે. રાષ્ટ્રીય પાટનગરમાં રામલીલી મેદાનમાં આ આંદોલન શરૂ થનાર છે. ૧૦ જુલાઈએ એજન્સીઓ કથિત બનાવટની રજૂઆત સાથે સંબંધિત કેસમાં બાલકૃષ્ણ સામે કેસ દાખલ કર્યો હતો. ભારતીય પાસપોર્ટ મેળવવા બોગસ દસ્તાવેજોનો ઉપયોગ કરાયો હતો. એવી ફરિયાદ પણ છે કે આરોપીએ ભારતીય પાસપોર્ટ મેળવવા ખોટી તરકીબ અજમાવી હતી.



શહીદ દિન નિમિત્તે કોલકત્તામાં એસપ્લેનેડ ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં મુખ્યમંત્રી સુશ્રી મમતા બેનરજીએ ભાગ લીધો હતો. દીદીએ અન્ય ગાયક કલાકારો સાથે મળી દેશભકિત ગીત પણ લલકાર્યું હતું.

### વન્યસૃષ્ટિ પરિચય

(પાના નં. ૪ નું ચાલુ)

ઉત્તરાખંડ રાજયના હિમાચલ પ્રદેશમાં ૧૯૭૦ ના વર્ષમાં શ્રી સુંદરલાલ બહુગુણાના નેતૃત્વમાં ચાલેલા જગ પ્રસિધ્ધ ''ચિપકો આંદોલન'' પાછળની પ્રેરણા સ્ત્રોત પણ બિસ્નોઇ સમાજની આ ઘટના જ હતી.

રાજય સરકાર દ્વારા હાલમાં આ શહાદત સ્થલે એક સ્મારક ઉભું કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા 'અમૃતાદેવી બિસ્નોઇ વાઇલ્ડ લાઇફ પ્રૉટેક્શન એવોર્ડ' પ્રતિવર્ષ જાહેર કરવામાં આવે છે. વૃક્ષો અને વન્યજીવોનાં સંરક્ષણ ક્ષેત્રમાં કાર્ય કરતી વ્યક્તિ કે સમુદાય આધારીત સંસ્થાને આવો એવોર્ડ અપાય છે. જેમાં એક લાખ રૂપિયા, પ્રમાણપત્ર અને શીલ્ડ આપવામાં આવે છે.

પૃથ્વી પરની પ્રત્યેક વ્યક્તિ બિસ્નોઇ લોકો જેવી વિચારસરણી જીવનમાં ઉતારે અને પ્રકૃતિ રક્ષા માટે જીવ આપવા સુધીની તૈયારી બતાવે તો માનવ જાતના અસ્તિત્વ માટે કોઇ ભય ન રહે, નહીંતર માનવ જાતનો અંત નિશ્ચિત છે... અચોક્કસ સમય સુધી ફક્ત રાહ જ જોવાની રહી છે.

- hmtsuthar@gmail.com